ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# સંસ્કૃતિ કુંજની હવેલીમાંથી ૯૦ હજારનાં એન્ટીક વાસણોની ચોરી

## હવેલીના બીજા મજલાની બારી તોડીને તસ્કરો ૮૪ નંગ એન્ટીક ચીજવસ્તુઓ ઉઠાવી ગયા

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરમાં 'જ' માર્ગ પર આવેલા સરિતા ઉદ્યાન પાછળ સ્થિત સંસ્કૃતિક કુંજની હવેલીમાં નાંખીને હાથ મારી લીધો છે. ૨૦ સપ્ટેમ્બરથી ૨૮ સપ્ટેમ્બરના સમયગાળા દરમ્યાનમાં ત્રાટકેલા તસ્કરો સંસ્કૃતિ કુંજમાં આવેલી હવેલીના બીજા મજલે બારીની



તસ્કરોએ હાથફેરો કર્યાની ઘટના બનવા પામી છે. તસ્કરો હવેલીના બીજા મજલે બારીની ગ્રીલ તોડીને અંદર ઘુસ્યા હતા અને અંદર પ્રવેશીને રૂ. ૯૦ હજારની કિંમતના ૮૪ નંગ એન્ટીક વાસણોની ચોરી કરી પલાયન થઈ ગયા હતાં. સંસ્કૃતિ કુંજના સહાયક નિયામકની ફરિયાદને આધારે સે-૭ પોલીસે ઘરફોડનો ગુનો દાખલ કરી સઘન તપાસ શરુ કરી છે.

વસંતોત્સવની ઉજવણી વખતે ગાંધીનગરના સેકટર-૯ સંસ્કૃતિ કુંજ ખાતે જે હવેલી અને તેમાં પડેલા એન્ટીક સામાનને જોવા હજારો વ્યકિતઓની લાઈન લાગે છે તે એન્ટીક ચીજવસ્તુઓ પર તસ્કરોએ નજર ગ્રીલ તોડીને અંદર પ્રવેશ્યા હતા અને લાકડાની એન્ટીક ચીજ વસ્તુઓ ઉપરાંત તાંબા, બ્રાસ, કોપર, ધાતુના એન્ટીક વાસણો મળીને રૂ. ૯૦,૪૦૦ની કિંમતની એન્ટીક ચીજવસ્તુઓ ઉઠાવીને તસ્કરો ફરાર થઈ ગયા હતાં. ૮૪ નંગ એન્ટીક વાસણોની થયેલી ઘરફોડ ચોરી અંગે જાણ થતા સહાયક નિયામક મનોજ શુકલએ સે-૭ પોલીસને જાણ કરી ફરિયાદ નોંધાવતા સેકન્ડ પી.આઈ. પી.ટી. બોદરે ગુનો દાખલ કરી ડોગ સ્કવોર્ડ અને ફિંગર પ્રીન્ટ નિષ્ણાંતની ટીમ સાથે તેઓ બનાવ સ્થળે પહોંચી ગયા હતાં. એન્ટીક વાસણો ઉઠાવી જનાર શખ્સોને શોધી કાઢવા સે-૭ પોલીસની ટીમ દોડતી થઈ ગઈ છે.

# વધુ એક વખત મિલ્કત વેરા ભરવાની મુદત લંબાવાઈ

ગાંધીનગર, તા. ૪

સને-૨૦૧૧-૧૨ તથા ૨૦૧૨-૧૩ના મિલ્કત વેરાના બીલો આકારણીના નિયમો મુજબ ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સેક્ટર-૧ થી ૫ના રહેવાસીઓને મોકલવામાં આવેલ. મિલ્કત વેરાના બિલોના નાણાં સ્વીકારવાની છેલ્લી તારીખ ૪-૧૦-૨૦૧૨ રાખવામાં આવેલી હતી. પરંતુ વેરાના નાણાં ભરવાના ઘસારા તથા લોકલાગણીને ધ્યાને લઈ મિલ્કતવેરો ભરવાની છેલ્લી તારીખ ૨૦-૧૦-૨૦૧૨ના સુધી આથી જાહેર હીતમાં લંબાવવામાં આવે છે. આ તારીખ સુધી નાણાં ભરનાર પાસેથી નોટીસ ફીના રૂપિયા બે વસુલ કરવામાં આવશે નહી.

# પાટનગર યોજનાના કાર્યપાલક ઈજનેર તરીકે ડી. બી. પટેલ

ગાંધીનગર, તા. ૪

પાટનગર યોજના ભવનમાં વયનિવૃત્તિના લીધે લાંબા સમયથી ચાર્જમાં કાર્યરત કાર્યપાલક ઈજનેરની જગ્યાએ કાયમી નિમણુંક કરી દેવાઈ છે. ડીવીઝન-૧માં કાર્યપાલક ઈજનેર તરીકે ડી.બી. પટેલને મુકવામાં આવ્યા છે. આ જગ્યાએ અગાઉ ફરજ બજાવતા આર.એ. પટેલ નિવૃત્ત થતા કાર્યપાલક ઈજનેરની જગ્યા લાંબા સમયથી ચાર્જમાં હતી. માર્ગ-મકાન વિભાગ દ્વારા અધિક્ષક ઈજનેર તેમજ જિલ્લા વિકાસ અધિકારીઓની કચેરીઓમાં ફરજ બજાવતા મદદનીશ ઈજનેર તેમજ અધિક મદદનીશ ઈજનેરોની બદલીના હૂકમ પણ કરવામાં આવ્યા છે.

# કોળી સમાજને ૨૨ બેઠકો ફાળવવાની માગણી કરતા રાજયમંત્રી પુરૂષોત્તમ સોલંકી

ગાંધીનગર, તા.૪


ચૂંટણીઓ જાહેર થતાં જ ભાજપ સરકારમાં રાજય મત્સ્યોદ્યોગ મંત્રી રહેલા પુરૂષોત્તમ સોલંકીએ ભાજપ પાસે વિધાનસભાની ૨૨બેઠકો કોળી સમાજને ફાળવવાની માંગણી કરીને ભાજપ પર દબાણ શરુ કર્યુ છે.

આગામી ડિસેમ્બરમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે. ચૂંટણી જાહેર થતાં આચાર સંહીતા અમલી બનવા પામી છે. આજે ગાંધીનગર ખાતે રાજયમંત્રી પુરૂષોત્તમ સોલંકીના નિવાસસ્થાને રાજયભરમાંથી સમાજના આગેવાનો એકત્રીત થયા હતાં અને આગામી વિધાનસભા ચૂંટણીમાં કોળી સમાજને વધુ બેઠકો મળે તે અંગેની માંગણી કરવા વ્યુહરચના ઘડી કાઢવામાં આવી હતી.

પત્રકારો સાથેની વાતચીતમાં રાજયમંત્રી પુરૂષોત્તમ સોલંકીએ જણાવ્યુંહતું કે સમાજના આગેવાનો અને લોકોએ તેમની લાગણી અને માંગણીઓ મારી સમક્ષ વ્યકત કરી છે. આ અંગે હું ભાજપ પક્ષના સંગઠન અને મુખ્યમંત્રી સમક્ષ સમાજને ૨૨ બેઠકો આપવા માટેની જે લાગણી સમાજની છે તે રજુ કરીશ.

તેમણે જણાવ્યું હતું કે આ અંગે આગામી ૧૨મી ઓકટોબરના રોજ રાજકોટ ખાતે કોળી સેના અને સમાજનું એક વિશાળ સંમેલન યોજવામાં આવનાર છે. જેમાં આ અંગે વિચાર વિમર્શ કર્યા બાદ ભાજપ સંગઠનમાં રજુઆત કરવામાં આવશે.

તેમણે જણાવ્યું હતું કે ગુજરાત વિધાનસભાની ૧૮૨ બેઠકોપૈકી ૩૨ બેઠકો પર કોળી સમાજનું પ્રભુત્વ છે. આથી અમે ૨૨ બેઠકો સમાજને ફાળવવાની માંગણી કરીએ છીએ.



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર એ રળિયામણું અને સુંદર શહેર છે એમાં બેમત નથી. અહીં પ્રકૃતિનો વૈભવ એવો સુંદર છે કે જીવમાત્ર અહીં મોજથી રહી શકે છે. તસવીરમાં દેખાતા મોર એનો પુરાવો આપે છે. (તસવીર : દિપક જાની)

# મનપા દ્વારા ફૂડ લાયસન્સ અંતર્ગત ચકાસણી નથી થતી : દવે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ફૂડ લાયસન્સ અંતર્ગત ચકાસણીની કામગીરી નહિ કરવામાં આવતી હોવાની ચોંકાવનારી હકીકતોને પગલે ભાજપના કાઉન્સિલર શ્રી આશિષ દવેએ આ અંગે થયેલ કામગીરીની વિગતો મ્યુનિ. કમિશનરશ્રી પાસે માંગી છે.

મ્યુનિ. કમિશનરશ્રીને શ્રી દવેએ પાઠવેલા એક પત્રમાં શહેરના જુદા જુદા લારી બજારો દ્વારા ફેલાવવામાં આવતી ગંદકી સામે કરાયેલ કાર્યવાહી અંગે પણ વિગતો આપવાની માંગ કરતાં જણાવ્યું છે કે કેટલા કિસ્સામાં ફૂડના સેમ્પલ લેવાયા અને તેની તપાસ માટે મોકલવામાં આવ્યા?

શ્રી દવેએ તેમના આ પત્રમાં પ્રજાના આરોગ્ય સાથે ચેડા થાય તેવા ફૂડ ખુલ્લા બજારમાં વેચાતા હોવા અંગે પણ રોષ વ્યક્ત કર્યો છે.

તેમણે જણાવ્યું છે કે તંત્રના આ પ્રકારના ઉદાસીન વલણને કારણે લોકોના આરોગ્ય સામે ખતરો ઉભો થયો છે. જે સાંખી શકાય નહિ. તેમણે તેમના પત્રમાં ખાણી-પીણીના બજારોની આસપાસ થતી ગંદકીનો પણ ઉલ્લેખ કરી તાત્કાલિક પગલાં ભરવા માટે માંગ કરી છે.

દરમ્યાન મહાનગરપાલિકાના જનસેવા કેન્દ્રમાં ફૂડ લાયસન્સ અંગેની કામગીરી માટે કોઈએ સંપર્ક કરવો નહિ તેવી લગાવાયેલી સૂચના પણ નગરમાં ચર્ચાસ્પદ બની છે અને તંત્રની ઉદાસીનતા સામે ભાજપના કાઉન્સીલરે આજે કમિશ્નરને લખેલા પત્રને લઈ કોર્પોરેશનમાં એક નવો વિવાદ ઉભો થવા પામ્યો છે.

# ટ્રાફિક નિયમનના ભંગ બદલ મહિનામાં ૧.૧૬ લાખની દંડ વસૂલી

## ગત મહિના દરમિયાન ૧૮૩ કેસ દાખલ કરી વાહનચાલકો સામે દંડનાત્મક કાર્યવાહી

ગાંધીનગર, તા. ૪

આર.ટી.ઓ. દ્વારા ટ્રાફિક નિયમનના ભંગ બદલ ૧૮૩ કેસ સંદર્ભે રૂ. ૧.૧૬ લાખની દંડ વસુલી કરી છે. છેલ્લા એક મહિના દરમિયાન આ દંડની રકમ વસૂલવામાં આવી છે.

શહેરમાં વાહનોની સંખ્યા વધતા માર્ગો પર ટ્રાફિક સિતારીયો બદલાયો છે. નગરના મુખ્ય માર્ગો સહિત સેકટરોના આંતરિક માર્ગો ઉપર પણ વાહનોનો ધમધમાટ વધ્યો છે. ત્યારે માર્ગ સલામતીને જાળવવાનું કામ મુશ્કેલ બન્યું છે. આ સઘળી સ્થિતિને ધ્યાને લઈ માર્ગ પર ટ્રાફિક નિયમન જાળવવા ટ્રાફિકતંત્ર વધુ જાગૃત બન્યું છે. ટ્રાફિકના નિયમોનો ભંગ કરવા બદલ ટ્રાફિક પોલીસ દ્વારા દંડ વસુલી ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. આર.ટી.ઓ. કચેરીના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર ગત સપ્ટેમ્બર મહિના દરમિયાન શહેરમાં ટ્રાફિક નિયમના ભંગ બદલ ૧૮૩ કેસ સંદર્ભે દંડ વસુલીની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં વાહનના

● અનુસંધાન પાન-૭ પર

# સે. ૨૬ ગ્રિનસીટીમાં એક વાનરે બટકું ભરી કર્મચારીને ઘાયલ કર્યો

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરના સે. ૨૬માં ગ્રીનસીટી વિસ્તારમાં આજે મેલેરિયાના એક કર્મચારીને વાંદરાએ બચકુ ભરતાં ભારે ચકચાર મચી જવા પામી છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આજે સવારે ગ્રીનસીટી વિસ્તારમાં અર્બન મેલેરિયાનો એક કર્મચારી પાણીની ટાંકીમાં દવા નાંખી પરત ફરી રહ્યો હતો ત્યાં અચાનક જ એક વાનર તેના પર કુદ્યો હતો.

વાનર કુદતા જ પડી ગયેલા આ કર્મચારીના પગ પર વાનરે બચકુ ભરી અને તેને ઘાયલ કરી દીધો હતો. ઘાયલ થયેલા કર્મચારીને તાત્કાલિક ગાંધીનગર સિવિલ લઈ જવામાં આવ્યો હતો.

ઘટનાની જાણ થતાં જ આરોગ્યના અધિકારીઓ સિવિલ દોડી ગયા હતા. આ કર્મચારીને પ્રાથમિક સારવાર દરમ્યાન ઈન્જેક્શન આપવામાં આવ્યા હતા અને વધુ ચાર ઈન્જેક્શન આગામી દિવસોમાં લેવા માટે આવવાની સૂચના પણ આપવામાં આવી હતી.

આ કર્મચારીને સારવાર બાદ તેને ઘેર જવા દેવામાં આવ્યો હતો અને ત્યાં તેની તબિયત સારી અને સુધારા પર હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક મહિનાઓથી વાંદરાઓનો ત્રાસ વધી જવા પામ્યો છે. આ અગાઉ પણ વાનર હુમલાના બે થી ત્રણ કિસ્સાઓ અખબારોના પાને ચમકી ચુક્યા છે પણ વનવિભાગ દ્વારા કોઈ જ પગલાંઓ લેવામાં આવતા નહિ હોવાથી નગરજનોમાં ચિંતાની લાગણી પ્રસરી જવા પામી છે.

# મિડિયામાં પેઈડ ન્યૂઝ પર ચૂંટણી પંચની બાજ નજર


## ચૂંટણીમાં નાણાંની હેરફેર સામે આઈટી સક્રિય : ત્રણ પ્રકારની કમિટીઓ મોનીટરીંગ કરશે : ઉમેદવારોએ બેન્ક એકાઉન્ટમાંથી તમામ વ્યવહારો ચેકથી કરવા પડશે

અમદાવાદ, તા. ૪

ગુજરાત વિધાનસભાની ચૂંટણીની વિધિવત જાહેરાત કરાયા બાદ ચૂંટણી આચારસંહિતાનો અમલ શરૂ થઈ ગયો છે. ઈલેકટ્રોનિક્સ મિડિયા કે પ્રિન્ટ મિડીયામાં જો કોઈ ઉમેદવારની તરફેણ કે વિરોધના સમાચારો પ્રસારિત કે પ્રસિદ્ધ થશે તો ચૂંટણી ખર્ચ નિયંત્રણ કમિટી તેને સુઓમોટો કરીને પેઈડ ન્યૂઝ ગણી જે ત ઉમેદવારના ચૂંટણી ખર્ચમાં ગણી લેવાશે તેમ આજે કેન્દ્રીય ચૂંટણી પંચના ખર્ચ અંગેના અધિકારી અક્ષય રાઉતે જણાવ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં પહેલી જ વાર ઉમેદવારોના અઘોષિત ચૂંટણી ખર્ચ પર નિયંત્રણ મૂકવાની વ્યવસ્થાનો અમલ કરવામાં આવી રહ્યો છે. કોઈપણ ઉમેદવારના તરફેણ કે વિરોધના ન્યૂઝ પેઈડ ન્યૂઝ ગણાશે. અને એ નક્કી કરવા માટે વિધાનસભા વિસ્તાર, જિલ્લા અને રાજ્ય લેવલ એમ ત્રણ પ્રકારની મોનીટરીંગ કમિટીઓ નક્કી કરાશે. જો કે પેઈડ ન્યૂઝ અંગે અખબારો કે મિડીયા સામે કોઈ પગલાં નહીં લેવાય પણ પાર્ટી કે ઉમેદવાર સામે ખર્ચ ઉધારાશે. પેઈડ ન્યૂઝને રોકવાનો ગુજરાતમાં પ્રથમવાર જ અમલ થઈ રહ્યો છે, પંજાબ અને ઉત્તરાંચલની ચૂંટણીમાં પેઈડ ન્યૂઝ રોકવામાં પંચને સફળતા મળી હતી. મોનીટરીંગ કમિટીઓ પેઈડ ન્યુઝ સામેની ફરિયાદો પણ સાંભળશે. મિડીયા સારૂ કામ કરશે તો ચૂંટણી પંચ દ્વારા એવોર્ડ પણ અપાશે. ચૂંટણી પંચ આ સંદર્ભમાં તમામ મિડીયાનો સહકાર માંગી રહ્યું છે.તેમણે કહ્યું હતું કે, પેઈડ ન્યુઝના સંદર્ભમાં મિડિયા મોનીટરીંગ કમિટી સુઓમોટો દાખલ કર્યા પહેલા નોટિસ પણ આપશે. મિડિયા કમિટીમાં નિષ્ણાતોનો સમાવેશ કરાશે. ચૂંટણી પંચને મિડીયા સામે પગલાં લેવાનો અધિકાર નથી. એટલે આ સંદર્ભે પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાને પણ ફરિયાદ કરાશે.

ઈન્કમટેક્સ વિભાગના ડી. જી. પી. કે. દાસે જણાવ્યું હતું કે, આઈટી દ્વારા આજથી જ રાજકીય પક્ષોનું મોનીટરીંગ શરૂ કરી દેવામાં આવ્યું છે. ચૂંટણીમાં ઉમેદવારોએ પોતાનું અલગ બેન્ક એકાઉન્ટ ખોલાવવાનું રહેશે. ચૂંટણીનું ભંડોળ અને ખર્ચ બેન્ક એકાઉન્ટમાંથી કરવાનું રહેશે. ચૂંટણી પંચ દ્વારા રોજબરોજ બેલેન્સશીટની તપાસ કરાશે. ઉમેદવાર પોતાના ખાતામાંથી રૂપિયા એક લાખ ઉપાડે એટલે બેન્કે જ ચૂંટણી પંચને જાણ કરવાની રહેશે. ઉમેદવારોએ બને ત્યાં સુધી ચેકથી જ વ્યવહાર કરવાનો રહેશે. આઈટીએ આ માટે અલગ વિભાગ ઉભો કર્યો છે.



ચૂંટણી અને આચારસંહિતાને નહીં ઓળખતા આ જીવોએ પોતાનો વધુ એક દિવસ મોજથી પસાર કર્યો હતો અને એ જ દશામાં બંને કૅમેરામાં કૅદ થઈ ગયા હતા. (તસવીર : દિપક જાની)

# નરોડા પાટીયા કેસમાં ફરાર આરોપી નંદુરબારથી ઝડપાયો

## આરોપીને પકડવા માટે ક્રાઈમ બ્રાંચ્ર મહારાષ્ટ્ર ખૂંદી વળી

અમદાવાદ, તા. ૪

નરોડા પાટીયા કેસમાં જામીન શરતોનો ભંગ કરી નાસતા ફરતા આરોપી સુરેશ ઉર્ફે સહેજાદ નેતલકરને ક્રાઈમ બ્રાંચની ટીમે નંદુરબારના કંજરવાડા ખાતેથી ઝડપી પાડ્યો છે. તેને આવતીકાલે જુની હાઈકોર્ટ સ્થિત ખાસ અદાલતમાં રજુ કરાશે. ઘટનાની વિગત એવી છે કે વર્ષ ૨૦૦૨માં સાબરમતી એક્સપ્રેસ ઉપર ગોધરા રેલવે સ્ટેશને થયેલ હુમલાના પ્રત્યાઘાતરૂપે ગુજરાતમાં ફાટી નીકળેલા કોમી તોફાનોના નરોડા પાટીયા ખાતે પણ તોફાનો ફાટી નીકળ્યા હતા. જેમાં અનેકને મોતને ઘાટ ઉતારાયા હતા. આ અંગે પ્રથમ સ્થાનિક પોલીસ તથા ક્રાઈમ બ્રાન્ચ દ્વારા તપાસ થયેલ અને ત્યાર બાદ સુપ્રીમ કોર્ટ દ્વારા રચાયેલ ખાસ તપાસદળ દ્વારા કેસની તપાસ થઈ હતી. જેમાં કુલ ૬૨ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. અને આ કેસ ડેઝીગ્નેટેટ જજની કોર્ટમાં કમીટ થયો હતો. આ કેસની ટ્રાયલ ચલાવવા સારૂ ખાસ કોર્ટની રચના કરવામાં આવેલ અને કોર્ટમાં કેસ ચાલી જતા ૩૨ આરોપીઓને તકસીરવાર ઠરાવેલ તે પૈકી ૧ આરોપી સુરેશ ઉર્ફે સહેજાદ દલ્લુભાઈ નેતલેકર (છારા) રહે. હુસેનનગર, નરોડા પાટીયાનો જામીન શરતનો ભંગ કરી ગઈ તા. ૩૦.૬.૧૨થી નાસતો ફરતો હતો. જેના વિરુદ્ધ નામદાર કોર્ટથી ધરપકડ વોરંટ ઈશ્યુ કરવામાં આવેલ જે પોતાની ધરપકડ ટાળવા સારૂ જુદા જુદા શહેરો ગામડાઓમાં સંતાતો ફરતો હતો. અને પોતાની ધરપકડ ટાળતો હતો. જેથી જજે આ આરોપીને પકડવા માટે ખાસ ટીમની રચના કરવા ચેરમેન ખાસ તપાસ દળનાઓને આદેશ કર્યો હતો. જે આદેશ અન્વયે નાયબ પોલીસ કમિશનર હિમાંશુ શુકલ, ક્રાઈમ બ્રાન્ચની સીધી દોરવણી હેઠળ ટીમ બનાવાઈ હતી. આ આરોપીની માહિતી મેળવવા સારૂ સૂચના કરતા આ ટીમને માહીતી મળેલ કે આરોપી મહારાષ્ટ્ર રાજ્યમાં છે.

# ... તો ગાંધીનગરની કિંમતી જમીનો કોંગ્રેસ પરત લઈ લેશે

## મફતના ભાવે જમીનો મેળવી પૂરતો ઉપયોગ નહીં કરનાર ઉદ્યોગગૃહો પાસેથી કોંગ્રેસ જમીન પરત લેશે : મોઢવાડીયા

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરની આસપાસ ઉદ્યોગગૃહોને આપવામાં આવેલી જમીનોમાં ભ્રષ્ટાચાર થયાના આક્ષેપને આજે પુનઃ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખશ્રી મોઢવાડિયાએ દોહરાવી જણાવ્યું હતું કે જો કોંગ્રેસ સત્તા પર આવશે તો જેમણે જમીનનો ઉપીયોગ કર્યો નથી તે ઉદ્યોગગૃહો પાસેથી જમીન પરત લેવામાં આવશે અને આ ઉદ્યોગગૃહોને પુનઃ જમીન ફાળવવામાં આવશે નહિ.

સુજલામ સુફલામ યોજના હેઠળ થયેલ ૧૧૦૦ કરોડ રૂપિયાનો ભ્રષ્ટાચાર જેની તપાસ ૪ સીનીયર સચિવશ્રી કક્ષાના અધિકારી દ્વારા થયા છે તેને આજે ૬ વર્ષ જેટલો સમય થઈ ગયો હોવા છતાં તેનો કોઈ અહેવાલ પ્રસિદ્ધ કરવામાં આવતો નથી અને આ બાબતે વારંવાર સંગઠનોએ માંગણી કરી હોવા છતાં સરકારે આ અહેવાલને દબાવી દીધો છે. શાહ કમીશન દ્વારા જે બે મુદે તપાસ થઈ છે તેમાં ગાંધીનગરની આસપાસની જમીનો જે પાર્ટીઓને સસ્તા ભાવે પધરાવી દેવામાં આવી છે તેમાં (૧) રહેજા બીલ્ડર્સને એક લાખ ચોરસ મીટર જમીન. (૨) ડીએલએફ કંપનીને એક લાખ ચોરસ મીટર જમીન. (૩) પૂરી ફાઉન્ડેશનને ૧૦ લાખ ચોરસ મીટર જમીન. તથા (૪) સત્યમ કોમ્પ્યુટર્સને (૫) ટીસીએસ (ટાટા કન્સલ્ટન્સી સર્વીસીઝ, (૬) આઈસીઆઈસીઆઈ બેંક અને (૭) એકવાલાઈન પ્રોપર્ટીઝ આ બધાને એક લાખ ચોરસ મીટર કરતા ઓછી જમીનો ફાળવીને ગુજરાત સરકારના ઈતિહાસમાં ગાંધીનગરમાં પ્રાઈવેટ કંપનીઓને સસ્તા અને પાણીના ભાવે જમીનો પધરાવી દઈને મુખ્યમંત્રીશ્રીએ પ્રસાદીનો ભોગ લીધો હોવાનો આક્ષેપ શ્રી મોઢવાડીયા દ્વારા કરવામાં આવ્યો હતો.

શ્રી મોઢવાડીયાએ ગાંધીનગરની કિંમતી જમીનો આપી જ ન શકાય તેવા ફંડામેન્ટલ વાંધાને આગળ ધરીને જણાવ્યું હતું કે રહેજા બીલ્ડર્સને જમીન કલેક્ટરના ૯૦૦ રૂ. જમીન આપવાના સૂચન છતાં ૪૭૦ રૂ.ના ભાવે આપી દેવામાં આવેલ. બરાબર આવી જ રીતે સત્યમ કોમ્પ્યુટર્સ, આઈસીઆઈસીઆઈ, ટીસીએસ અને એકવા લાઈન પ્રોપર્ટીઝ આ બધાને જમીનો સસ્તા દરે આપી દેવામાં આવી છે જેમાં ખરેખર આપવા પાત્ર ભાવ રૂ. ૮૮૦૦ની સામે માત્ર પાણીના ભાવ સમા ૧૧૦૦ રૂપિયાના ભાવે જમીનો પધરાવી દેવાનો સમાવેશ થાય છે. ડી.એલ.એફ.ને ૧ લાખ ચોરસ મી. જમીન સસ્તા ભાવે ફાળવવા માટે અલગથી ફાઈલ જેટની ગતિ દોડાવવામાં આવી હતી.

શ્રી મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, ૧ રૂપિયાથી માંડીને રૂ. ૩૨ના સસ્તા ભાવે ગાંધીનગરની કિંમતી

● અનુસંધાન પાન-૭ પર

વળતર
તા. ૨-૧૦-૨૦૧૨ થી ૧૩-૧૧-૨૦૧૨ સુધી
10% ડિસ્કાઉન્ટ
ભારત હેન્ડલુમ
સર્વોદય હેન્ડલુમ
રવિવારે શો-રૂમ ચાલુ છે

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES
CEAT

TMT BARS - ISI
BENELAVE
TATA
STEEL • PIPES • SHEETS
ashirvad
C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com